આકાશવાણી, અમદાવાદ

31-10-2025 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

## PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને એક થઈને રાષ્ટ્રની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી છે. શ્રી મોદીએ કહ્યું, તેનાથી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થશે. સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જયંતી નિમિત્તે એકતાનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય એકતા દિવસ સમારોહમાં વિશાળ જનસમૂહને સંબોધતાં શ્રી મોદીએ કહ્યું, વર્ષ 2014થી સરકારે નક્સલવાદ અને માઓવાદી આતંકવાદ પર નિર્ણાયક પ્રહાર કર્યો છે.

પ્રધાનમંત્રીએ કરોડો લોકોએ લીધેલી એકતાની શપથમાં દેશવ્યાપી ભાગીદારી અંગે કહ્યું, તેનાથી રાષ્ટ્રીય એકતાને સશક્ત કરવામાં સામૂહિક સંકલ્પની પુષ્ટી થઈ છે. તેમણે કહ્યું, દેશની આઝાદી બાદ સરદાર પટેલે 550થી વધુ રજવાડાઓને એક કરીને "એક ભારત – શ્રેષ્ઠ ભારત"ના દ્રષ્ટિકોણને સાકાર કરવાનું અશક્ય કામ પણ કરી બતાવ્યું હતું.

દેશની ભાષાઓને એકતાનું પ્રતીક ગણાવતા શ્રી મોદીએ તમામ ભારતીય ભાષાના પ્રચાર અને સંરક્ષણ માટે સરકારની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

આ પહેલા શ્રી મોદીએ સ્ટૅચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી દિવસનો પ્રારંભ કર્યો. તેમણે તમામ લોકોને એકતા દિવસની શપથ લેવડાવી. ત્યારબાદ શ્રી મોદીએ એકતા દિવસ પરેડનું પણ નિરીક્ષણ કર્યું.

. . . . . . . . . . . .

## CM EKTA DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સાથે જ શ્રી પટેલે દેશવાસીઓને રાષ્ટ્રીય એકતા દિવસની શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . . .

## NFSA

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો - NFSA અને અંત્યોદય રાશન કાર્ડ લાભાર્થીઓને આવતીકાલથી અનાજનું વિતરણ શરૂ કરાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ નવેમ્બર મહિના માટે આગોતરા આયોજનનાં ભાગરૂપે 75 લાખથી વધુ કુટુંબોની 3 કરોડ 25 લાખ જેટલા લાભાર્થીને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત ઘઉં તથા ચોખાનું વિનામુલ્યે વિતરણ તથા તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાનું વાજબી ભાવે વિતરણ કરાશે.

યાદીમાં જણાવ્યા પ્રમાણે વાજબી ભાવના દુકાનદારોની પોષણક્ષમતા જળવાઈ રહે તે બાબતે તેઓ દ્વારા અનાજનાં જથ્થાનાં વિતરણ સંદર્ભે વિવિધ કમિશન ઉપરાંત તફાવતની ઘટતી રકમનાં ભાગરૂપે 20 હજાર રૂપિયા વાજબી ભાવની દુકાનનાં સંચાલકને દર માસે ચુકવવામાં આવે છે. સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી તમામ કમિશનના ચુકવણાની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

. . . . . . . . . . . .

## RUN FOR UNITY

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150-મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે રાજ્યભરમાં આજે એકતા દોડનું આયોજન કરાયું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી સરદાર એટ 150 યુનિટી માર્ચને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં સ્વર્ણિમ્ પાર્કથી મહાત્મા મંદિર અને ટાઉનહૉલ સુધી યોજાયેલી એકતા દોડનો પ્રારંભ કરાવ્યો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં પોલીસ વિભાગ દ્વારા યોજાયેલી એકતા દોડમાં પોલીસ, અગ્નિશમન દળ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો.

તાપીના વ્યારા ખાતે "દોડશે તાપી જોડશે ભારત" વિષયવસ્તુ હેઠળ એકતા દોડ યોજાઈ, જેમાં અધિકારીઓ, પોલીસકર્મીઓ, વિદ્યાર્થીઓ, યુવાનો સહિતના નાગરિકો જોડાયા હતા. ત્યારબાદ તમામ લોકોએ એકતા શપથ ગ્રહણ કર્યા હતા.

ભરૂચમાં શક્તિનાથ સર્કલ, પંચબત્તી સર્કલ સહિતના વિસ્તારમાં એકતા દોડ યોજાઈ હતી.

કચ્છના ભુજમાં યોજાયેલી એકતા દોડનું ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ પ્રસ્થાન કરાવ્યું. આર. ડી. વરસાણી હાઈસ્કૂલથી જ્યુબિલી સર્કલ, જયનગર થઈ આ દોડ આર. ડી. વરસાણી ખાતે પૂર્ણ થઈ હતી.

નવસારીમાં મહાનગરપાલિકા દ્વારા યોજાયેલી એકતા દોડમાં ધારાસભ્ય, સ્થાનિક અધિકારીઓ અને કર્મચારીઓ, રમતવીરો સહિત 630થી વધુ નાગરિકો જોડાયા હતા.

. . . . . . . . . . . .